©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]** **THURSDAY, JUNE 4, 2026 / JYAISTHA 14, 1948** **[ No. 23**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૨૦૨૬

**નં. GHKH/47/2026/ACD/COM/e-file/2/2024/2235/G:-** ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા. ૧૮/૦૭/૨૦૦૦ના હુકમથી શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ રીજીયોનલ ઓઇલ સીડસ ગ્રોઅર્સ કો. ઓપ.યુનિયન લી. (ફડચામાં) તા.ઇડર, જિ. સાબરકાંઠાને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ સહકારી સંસ્થાને ફડચાના હુકમથી નિયત સમયમર્યાદામાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. પરંતુ સદરહું સંઘની ફડચાની કાર્યવાહી સમયમર્યાદામાં આટોપી શકાયેલ ન હોવાથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અંતર્ગત સદર સંઘની ફડચાની મુદ્દત વધારી આપવામાં આવેલ. જે અનુસાર છેલ્લે આ વિભાગના તા.૧૬/૦૭/૨૦૨૪ના જાહેરનામાં ક્રમાંકઃ **GHKH/66/2024/ACD/COM/e-file/2/2024/2235/G** થી સદરહુ સંઘની ફડચાની મુદ્દત તા.૧૮/૦૭/૨૦૨૪ થી તા.૧૭/૦૭/૨૦૨૫ સુધી વધારી આપવામાં આવેલ હતી. પરંતુ નામ. હાઇકોર્ટ અને અન્ય નામ. કોર્ટ સમક્ષના આ સંઘને લગત પડતર વિવાદોમાં આખરી નિર્ણય થયેલ ન હોઇ ઉક્ત મળેલ મુદ્દત વધારાના સમયગાળા દરમિયાન પણ સંઘની ફડચાની કાર્વાહી આટોપી શકાયેલ નથી.

આથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)(૩) ની જોગવાઈ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તા અંતર્ગત, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ રીજીયોનલ ઓઈલ સીડસ ગ્રોઅર્સ કો. ઓપ.યુનિયન લી. (ફડચામાં), તા. ઇડર, જિ. સાબરકાંઠાની ફડચાની બાકી કામગીરી પૂર્ણ કરવા માટે તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૭/૦૭/૨૦૨૫ સુધીની મુદત લંબાવવાનમાં આવે છે. આ વધારેલ સમય મર્યાદામાં ફડચાની કાર્યવાહી પૂર્ણ થાય તેવી પદ્ધતિ અપનાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કુલદિપસિંહ મકવાણા,**

સરકારના ઉપસચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.06.04 13:51:33 IST